# વાઘ બકરી ટી ગ્રૂપે કોવિડ-૧૯ માટે ૩.૫૦ કરોડનું દાન આપ્યું



વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ મહામારીમાં અસરગ્રસ્તો અને કોરોના વૉરિયર્સ માટે દેશના સો વર્ષ જુના વાઘ બકરી ટી ગ્રૂપે ૩.૫૦ કરોડનું યોગદાન આપીને ફ્રન્ટલાઈન વૉરિયર્સ સાથે સંબંધોને વધુ મજબૂત કર્યા છે તેમ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર રશેષ દેસાઈએ જણાવ્યું છે. જે માટે પીએમ કેર્સમાં ગ્રૂપ દ્વારા રૂા. બે કરોડનું દાન અપાયું છે. અને કંપનીના કર્મચારીઓના એક દિવસના પગારના ફાળા સ્વરૂપે વધુ રૂા. ૧૩ લાખનું યોગદાન આપ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી રાહત નિધિ ફંડમાં રૂા. ૧ કરોડનું દાન આપવામાં આવ્યું છે. તદ્ઉપરાંત ગ્રૂપ દ્વારા રૂા. ૩૦ લાખના પીપીઈ માસ્ક, હાથમોજા, ડિસ્પોઝલ ફેસ માસ્ક એ ફૂલ બોડી પ્રોટેક્શન કિટ્સનું દાન કરીને અમદાવાદ, જામનગર, ભુજના કેન્ટોન્મેન્ટ વિસ્તારોમાં ભારતીય લશ્કર દ્વારા નિર્મિત ૫૫૦ બેડની કોવિડ હૉસ્પિટલને પણ ટેકો આપ્યો છે. જે સાથે ટ્રાફિક ચેક પોઈન્ટ્સ પર ફરજ બજાવતા પોલીસ જવાનોને ગ્રીન ટી અને આઈસ ટીનું વિતરણ કરવામાં આવ્યું છે.